Seat No. : _______________

# JF-102

**January-2016**

**B.A., Sem.- VI**

**CC-315 : Gujarati**
**(EA : કૃતિ - ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (1) **દરેક** પ્રશ્નનાં ગુણ સમાન છે.
(2) પ્રૂફ રીડિંગનું પૃષ્ઠ ઉત્તરવહી સાથે જોડવું.

1. ટૂંકીવાર્તાના સ્વરૂપ-લક્ષણોની વિસ્તારપૂર્વક ચર્ચા કરો. **14**

**અથવા**

ગુજરાતી ટૂંકીવાર્તાના વિકાસના મહત્ત્વના તબક્કા દર્શાવો.

2. વિષય વૈવિધ્ય અને પાત્ર વૈવિધ્યની દૃષ્ટિએ 'ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ'ની સમીક્ષા કરો. **14**

**અથવા**

'ચેખોવ જીવનની વાસ્તવિકતાઓને આલેખતાં, ઉચ્ચ જીવનની આદર્શમયતાને વીસરી જતો નથી.' – આ વિધાન 'ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ' સંદર્ભે ચર્ચો.

3. કોઈપણ **બે** વિશે વિવેચનાત્મક નોંધ લખો : **14**
   (1) 'ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ'માં જીવન દર્શન.
   (2) 'ઈસ્ટરની રાતે' વાર્તાનો આસ્વાદ કરાવો.
   (3) વાન્કાનું પાત્ર
   (4) 'અફસોસ' વાર્તામાં નિરૂપિત કારીગર વર્ગની બેહાલી

4. નીચેના પ્રશ્નોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો : **14**
   (1) નીચેના પૈકી ટૂંકીવાર્તાના આદ્યજનક ગોગોલ સિવાય કયા સર્જકને આદ્ય વાર્તાકારનું સ્થાન આપી શકાય ?
   (a) એડગર એલન પો. (b) ગાય દ મોપાસાં (c) એન્ટન ચેખોવ
   (2) 'આપણે બધા જ વાર્તાકારો ગોગોલના ઓવરકોટમાંથી નીકળ્યા છીએ.' – આ વિધાન કોણે કહ્યું છે ?
   (a) દોસ્તોયેવ્સ્કી (b) તુર્ગેનેવ (c) તોલ્સ્ટોય
   (3) વાર્તાકાર એન્ટન ચેખોવનો જન્મ કયા વર્ષે થયો હતો ?
   (a) 1850 (b) 1855 (c) 1860
   (4) એન્ટન ચેખોવના પિતાનો વ્યવસાય કયો હતો ?
   (a) વેપારી (b) વકીલાત (c) દાક્તરી

(5) 'ધ સીગલ'નું સાહિત્ય સ્વરૂપ કયું છે ?
(a) ટૂંકીવાર્તા (b) નાટક (c) કવિતા

(6) 'ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ'માં 'ધ કોરસ ગર્લ' વાર્તાનું ગુજરાતી શીર્ષક જણાવો.
(a) મીઠડી (b) કૂતરાવાળી સ્ત્રી (c) ગાનારી

(7) 'કાચંડો' વાર્તાનું અંગ્રેજી શું છે ?
(a) કેમેલિયોન (b) વાન્કા (c) વો

(8) ચેખોવે શેનો અભ્યાસ કર્યો હતો ?
(a) દાક્તરી (b) વકીલાત (c) શિક્ષણ

(9) એન્ટન ચેખોવના વતનનું નામ જણાવો.
(a) અમેરિકા (b) રશિયા (c) આફ્રિકા

(10) નીચેના પૈકી 'આયરોનિમ' કઈ વાર્તાનું પાત્ર છે ?
(a) ઈસ્ટરની રાતે (b) અફસોસ (c) સુખ

(11) 'વોર્ડ નં. 6'ના નાયકનું નામ શું છે ?
(a) વાન્કા (b) રાગીન (c) ઓકુમેલોફ

(12) નીચેના પૈકી ચેખોવની સ્ત્રી-પુરુષના સંબંધો વિશેના સમાજના સનાતન પ્રશ્નને નવી જ રીતે રજૂ કરતી વાર્તા કઈ ?
(a) કૂતરાવાળી સ્ત્રી (b) મીઠડી (c) સુખ

(13) ચેખોવ કયા રોગનો ભોગ બન્યા ?
(a) ક્ષય (b) કોલેરા (c) કેન્સર

(14) 'ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ' સંગ્રહમાં કુલ કેટલી વાર્તાઓ છે ?
(a) આઠ (b) નવ (c) દસ

5. ફક્ત **<u>અંધ વિદ્યાર્થીઓ</u>** માટે (કોઈપણ **બે**) **14**
(1) પ્રૂફ વાચનની જરૂરિયાત
(2) પ્રૂફ વાચનની પદ્ધતિ
(3) લેસર-કંપોઝ

5. મૂળ પરિચ્છેદનો આધાર લઈ ભૂલોવાળા પરિચ્છેદનું પ્રૂફ રીડિંગ કરો. પ્રૂફ રીડિંગ કરેલ પરિચ્છેદવાળું પૃષ્ઠ તમારી ઉત્તરવહી સાથે જોડો. **14**

**મૂળ પરિચ્છેદ**

આજના શિક્ષણના ક્ષેત્રમાં ચારિત્ર્ય ઘડતરનો સમાવેશ થાય છે ખરો ? ઈતિહાસ, ભૂગોળ, ગણિત, વિજ્ઞાન આદિ વિદ્યાભ્યાસના વિષયોમાં શિક્ષણ આપીને પરીક્ષા માટેની તૈયારી કરાવવી એ જ શિક્ષણનો ઉદ્દેશ હોય તેવી પરિસ્થિતિ આજે પ્રવર્તે છે. વિદ્યાભ્યાસ અને ચારિત્ર્ય નિર્માણનો જેમાં સમાવેશ થાય તેવી કેળવણીનો સ્પષ્ટ ભેદ સમજી લેવો ઘટે છે; વિદ્યાભ્યાસથી ભિન્ન-ભિન્ન વિષયોનું જ્ઞાન મળે છે, વધારે બુદ્ધિ-વિકાસ થાય છે; જ્યારે ચારિત્ર્ય ઘડતરની કેળવણીમાં સહકાર, મૈત્રી, સ્વાર્થ ત્યાગ, સમભાવ, માનવીય ઐક્ય, અન્ય વ્યક્તિઓ તરફ સ્વાભાવિક સ્નેહની લાગણી વગેરે માનવીય ગુણોનો વિકાસ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એટલું જ નહિ પણ સ્વાર્થ, ઈર્ષ્યા, દ્વેષ, ક્રોધ, વેર જેવી હીનવૃત્તિઓ ઉપર અંકુશ રાખતાં અને તેનું યોગ્ય નિયમન કરતાં શીખવે તે ચારિત્ર્ય ઘડતરની કેળવણી માટે પાયાની વાત છે. ખરી કેળવણીમાં તો વ્યવસ્થિત બુદ્ધિ વિકાસની સાથે ચારિત્ર્ય ઘડતરમાં ગુણોનું યોગ્ય અનુસંધાન થવું જ જોઈએ. આવી આજની શિક્ષણ યોજના નથી એ સ્પષ્ટ કરવાની ભાગ્યે જ જરૂર છે.

કેન્દ્ર _______________

પરીક્ષાર્થીનો બેઠક નં. ______

નિરીક્ષકની સહી _________

તારીખ _______________

## ભૂલવાળો પરિચ્છેદ

**14 ભૂલોનું પ્રૂફ રીડિંગ કરી ઉત્તરવહી સાથે જોડો :**

આજના શિક્ષણના ખેત્રમાં ચારિત્ર્ય ઘડતરનો સમાવેશ થાય છે ખરો ઈતિયાસ, ભુગોળ, ગણિત, વિજ્ઞાન આદિ વિદ્યા-ભ્યાસના વિષયોમાં શિક્ષણ આપીને પગરીક્ષા માટેની તૈયારી કરાવવી એ જ ઉદ્દેશ શિક્ષણનો હોય તેવી પરિસ્થિતિ આજે છે. વિદ્યા ભ્યાસ અને ચારિત્ર્યનિર્માણનો જેમાં સમાવેશ થાય તેવી કેળાવાળીનો સ્પષ્ટ ભેદ સમજી લેવો ઘટે છે વિદ્યા ભ્યાસથી ભિન્ન ભિન્ન વિષયોનું જ્ઞાન મળે છે, વધારે બુધ વિકાર થાય છે;

જ્યારે ચારિત્ર્ય પડતરની કેળવણીમાં સઉકાર, મત્રી, સ્વાર્થભાગ, સમભાવ, માનવીય ઐક્ય, અન્ય વ્યક્તિઆ તરફ સામાજિક સ્નેહ- લાગણ વગેરે માનવીય ગુણોનો વિકાસ મહત્ત્વનું સાન જણાવે છે એટલું જ નહિ પણ સ્વાર્થ ઈર્ષ્યા દ્વેષ ક્રોધ વેર જેવી વૃત્તિઓહીન ઉપર અંકુશ રાખતાં અને એનુ ભોગ્ય નિયમન કરતા શિખવે તે આરિત્ર ઘડતરની કેળવગી માટે પાણાની વાત છે ખરી કેળવણીમા તો વ્યવસ્થિત બુદ્ધિ વિકાસની સાથે ચારિત્ર્ય ઘડતરમાં ગુણાનૂ ભોગ્ય અનુભંગાણ થવુ ૠજોઈએ. આવી આ જ ની શિક્ષણ યોજના નથી અ શ્પશ્ટ કરવાની અટાણે જરૂર છ.

Seat No. : _______________

# JF-102

**January-2016**

**B.A., Sem.- VI**

**CC-315 : Gujarati**
**(EB : સાહિત્ય સ્વરૂપનો અભ્યાસ)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના : દરેક** પ્રશ્નનાં ગુણ સમાન છે.

1. આત્મકથાનું સાહિત્ય સ્વરૂપ સ્પષ્ટ કરી, આત્મકથાના વિશિષ્ટ લક્ષણો સવિસ્તાર લખો.

**અથવા**

ગુજરાતી આત્મકથાની વિકાસરેખા વિગતે લખો.

2. 'સત્યના પ્રયોગો'માં આલેખાયેલું ગાંધીજીનું વ્યક્તિત્વ વિગતે લખો.

**અથવા**

'સત્યના પ્રયોગો'નું આત્મકથા તરીકે સમગ્રદર્શી મૂલ્યાંકન કરો.

3. કોઈપણ **બે** ટૂંકનોંધ લખો :
   (1) 'સત્યના પ્રયોગો'માં આલેખાયેલું ગાંધીજીનું બાળપણ
   (2) 'સત્યના પ્રયોગો'માં ભાષાનું કૌશલ્ય
   (3) 'સત્યના પ્રયોગો'માં આવતાં નારીપાત્રો
   (4) 'સત્યના પ્રયોગો' શીર્ષકની યથાર્થતા

4. યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :
   (1) નર્મદની આત્મકથાનું નામ જણાવો. (અમે બધા, હું પોતે, મારી હકીકત)
   (2) 'સ્મરણયાત્રા'ના લેખક કોણ છે ? (ગાંધીજી, કાકાસાહેબ કાલેલકર, મુનશી)
   (3) જયશંકર 'સુંદરી'ની આત્મકથા કઈ છે ?
   (મારી હકીકત, જીવનપંથ, થોડાં આસું થોડાં ફૂલ)
   (4) 'સત્યના પ્રયોગો' આત્મકથાનું પ્રકાશન વર્ષ જણાવો. (1921, 1927, 1929)
   (5) ગાંધીજીના માતાનું નામ શું હતું ? (કસ્તુરબા, તાપીબા, પૂતળીબા)

(6) 'સત્યના પ્રયોગો' આત્મકથા કેટલા વિભાગમાં વિભાજિત છે ? (ચાર, પાંચ, છ)

(7) સ્નેહરશ્મિની આત્મકથાનું નામ લખો. (આનંદયાત્રા, મારી દુનિયા, સંભારણા)

(8) કનૈયાલાલ મુનશીની ન હોય એવી આત્મકથા ઓળખાવો.
(જીવનપંથ, અડધે રસ્તે, સીધાં ચઢાણ)

(9) 'આત્મકથા'નું સ્વરૂપ ક્યાંથી આવ્યાનું મનાય છે ? (પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ)

(10) 'આત્મકથા' માટે અંગ્રેજીમાં કઈ સંજ્ઞા પ્રચલિત છે ? (ફિક્શન, બાયોગ્રાફી, ઑટોબાયોગ્રાફી)

(11) ગાંધીજીના પિતાનું બીજું નામ શું હતું ? (કબાગાંધી, બબાગાંધી, કરમચંદ ગાંધી)

(12) ગાંધીજીએ વકીલાતનો અભ્યાસ ક્યાં કર્યો હતો ? (રાજકોટ, ભાવનગર, ઈંગ્લેન્ડ)

(13) 'સત્યના પ્રયોગો'ના પ્રકાશકનું નામ જણાવો.
(પાર્શ્વ પ્રકાશન, આદર્શ પ્રકાશન, નવજીવન પ્રકાશન)

(14) ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પરત કઈ સાલમાં આવ્યા ? (1908, 1915, 1927)

5. (અ) કોઈ **એક** વિશે નિબંધ લખો :

(1) સાહિત્ય અને સમૂહમાધ્યમો

(2) મારું પ્રિય પુસ્તક

(બ) (**માત્ર અંધ વિદ્યાર્થીઓ માટે**) ટૂંકનોંધ લખો : (કોઈપણ **એક**)

(1) પ્રૂફ અને પ્રૂફવાચક

(2) પ્રૂફના પ્રકાર

(બ) મૂળ પરિચ્છેદનો આધાર લઈ ભૂલોવાળા પરિચ્છેદનું યોગ્ય સંજ્ઞા મૂકી પ્રૂફ રીડિંગ કરો. પ્રૂફ રીડિંગ કરેલું પાનું ઉત્તરવહી સાથે જોડો :

**મૂળ પરિચ્છેદ**

સ્નાન, ભોજન અને નિદ્રાએ ત્રણેયની જે ખૂબીઓ છે, તે પ્રાર્થનામાં છે. ઊંઘથી શરીરને આરામ અને ઉત્સાહ મળે છે, એવી રીતે પ્રાર્થનાથી મનને આરામ અને ઉત્સાહ મળે છે. ભોજનથી શરીરનું પોષણ થાય છે; પ્રાર્થનાથી મનનું પોષણ થાય છે. સ્નાનથી શરીરની શુદ્ધિ થાય છે, તો મનની શુદ્ધિ પ્રાર્થનાથી થાય છે. શરીર રોજ મેલું થાય છે, તેથી તેને રોજ સ્નાન કરાવવું પડે છે. એવી જ રીતે મનને પણ રોજ સાફ રાખવું પડે છે અને મનને માટે ઉત્તમ સ્નાન પ્રાર્થના છે.

કેન્દ્ર _______________

પરીક્ષાર્થીનો બેઠક નં. ______

નિરીક્ષકની સહી _________

તારીખ _______________

અહિંયાથી ફાડો ---- Cut Here ---- અહિંયાથી ફાડો ---- Cut Here

## ભૂલોવાળો પરિચ્છેદ

સનાન, ભોજ ન, અને નિનિદરા આ ત્રણે ની ખે ખુબીઓ છે. એ પ્રાર્થનામા છે, ઉંઘથી શશરીરને આરામને ઊત્સાહ મળે સે, આ વે રીતે પ્રાર્થના થી મનન આરામ અને ઉત્સાહ મરે છે. ભોજનથા શરીરનુ પોસાણ થય છે; પ્રાર્થનાથિ **મનનું** પોષણ થાય છે, સનાનથ શરિરને શુદ્ધ થાઈ સે, તા, મનથી શુદ્ધિ પ્રાર્થનાથી થાય છે. શ  રીર  રોજમે લું થાય છે. તેથી તાને રોજેરોજ સ્નાન કરાવું પડે છે. તેવી જ રાતે મને પણ રોજ સાફ રારાખવું પટે છે બને મનને માટે ઊત્તમ સ્નાન પ્રાર્થના છે.